# કાંકરેજના શિહોરી-દિયોદર રોડ ઉપર કુંવારવા પાટીયા પાસે બોલેરો ગાડી અને બાઈક વચ્ચે અકસ્માત, એક ગંભીર

કાંકરેજ, તા. ૪

શિહોરી-દિયોદર રોડ ઉપર બોલેરો ગાડી નં. જીજે.૦૯.



એઈ.૩૯૬૬ અને બાઈક નં. જીજે.૮.એસ.૯૬૩૬ વચ્ચે જોરદાર અકસ્માત બપોરના સમયે થયો હતો. જો કે કુંવારવા પાટીયા પાસેનો આ અકસ્માત એટલો ભયંકર હતો કે બોલેરો ગાડીનો આગળનો બંપરનો ભાગ પણ તુટી જવા પામ્યો હતો એવી ટક્કર મારતા બાઈકનો ચાલક વાઘેલા અર્જુનસિંહ નાગજીભાઈ રે. માનપુર(શિ)ને હાથ-પગ-માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા કુંવારવાના સ્થાનિક લોકોએ શિહોરીથી ૧૦૮ બોલાવી તાત્કાલિક શિહોરી સરકારી દવાખાને સારવાર માટે મોકલી આપ્યો હતો. જો કે માથાના અને પગના ભાગે ગંભીર ઈજાઓ હોવાથી ડૉ. માનસુંગભાઈ ચૌધરીએ ઈજાગ્રસ્ત અર્જુનને પાટણ રિફર કરાયો હતો. જો કે બોલેરો ગાડીનો ચાલક ગાડી મુકી ફરાર થઈ જવા પામ્યો હતો. આમ શિહોરી દિયોદર રોડ પર અકસ્માતનો સિલસિલો યથાવત રહેવા પામ્યો છે. જો કે લબરમૂછીયા જવાનોને બાઈકના શોખ આવી રીતે ભારે પડે છે. જો કે આ બાબતે હજુ કોઈ ફરિયાદ થવા પામી નથી.

## મહેસાણા જિલ્લાની રાજસ્થાન-પંજાબનું મહિલા ડેલીગેશન મુલાકાત લેશે

સ્વચ્છ ગુજરાત સપ્તાહ અંતર્ગત સ્વચ્છતા સપ્તાહની ઉજવણી ૦૧ માર્ચથી ૦૮ માર્ચ સુધી ઉજવવાનું આયોજન કરેલ છે. તેમજ ૦૮ માર્ચના રોજ આંતર રાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી થનાર છે. આ ઉજવણી અંતર્ગત મહેસાણા જિલ્લામાં રાજસ્થાન અને પંજાબની અંદાજીત ૯૦૪ જેટલી મહિલાઓ મુલાકાત કરનાર છે.જેમાં પંજાબની ૧૭૬ તેમજ રાજસ્થાનની ૭૨૮ જેટલી મહિલાઓ મહેસાણા જિલ્લાના વિવિધ સ્થળોની ૦૬ અને ૦૭ માર્ચેના રોજ મુલાકાત કરનાર છે. મહેસાણા જિલ્લામાં કડવાસણા, ધનપુરા, મરતોલી, પ્રતાપગઢ, ગંગાપુરા, મહાદેવપુરા, બાદરપુર અને કુવાસણ, બલોલ, ઉમાનગર, માઢી, ગુંજાળા ગામની મુલાકાતનું આયોજન કરાયું છે.



શ્રી પંચરત્ન જનસેવાકીય ટ્રસ્ટ-શ્રી ચોકસી મહારાજ એસોસીએશન, નડિયાદ દ્વારા દેશના સૈનિકો ફરજ દરમિયાન શહીદ થયા હોય તેવા શહીદોના પરિવાર માટે ભારત સરકારે સ્થાપેલ નેશનલ ડીફેન્સ ફંડમાં રૂ. ૧ લાખનો ચેક ખેડા જિલ્લાના સાંસદ દેવુસિંહજી ચૌહાણને અર્પણ કરાયો હતો. આ પ્રસંગે ટ્રસ્ટના શશીકાન્તભાઈ સોની (પ્રમુખ), વિનોદભાઈ ચોકસી (મંત્રી) અને અરવિંદભાઈ જે. પરીખ (મેને. ટ્રસ્ટી) ઉપસ્થિત રહ્યા હતા.

## લક્ષ્મીપુરાની શેઠ એન. એલ. હાઈસ્કૂલમાં વિદાય સમારંભ

ખેડબ્રહ્મા, તા. ૪

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામે શેઠ એન.એલ. હાઈસ્કૂલમાં ભાનુપ્રસાદ એ. પટેલના અધ્યક્ષ સ્થાને ધો. ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા અને વિદાય કાર્યક્રમ યોજાયો હતો. મહેમાનોએ વિદાય લઈ રહેલ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી ઉજ્જવળ ભવિષ્ય માટે આશિર્વાદ આપ્યા હતા. ત્યારબાદ શાળામાં ઉત્તમ પરિણામ લાવનાર વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે શાળાના પ્રમુખ હિરાભાઈ પટેલ, મંત્રી ફળજીભાઈ પટેલ, વાલીમંડળના પ્રમુખ વિરસંગભાઈ પટેલ, આચાર્ય હિતેન્દ્રગીરી ગોસાઈ સહીત શાળા પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.

## મહેસાણા જિલ્લો સ્વચ્છતા મિશનમાં અગ્રેસર

મહેસાણા, તા. ૪

મહેસાણા જિલ્લો સ્વચ્છ ભારત અભિયાનમાં અગ્રેસર રહ્યો છે.ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત ગામ તાલુકાઓ અને જિલ્લો બનાવવાની કામગીરીમાં ગ્રામિણ કુટુંબને શૌચાલયની સુવિધા આવરી લેવા ખુબજ મહત્વનું પ્રયાણ જિલ્લાએ કર્યુ છે.૨૦૧૨ની બેઝલાઈન સર્વે મુજબ જિલ્લામાં ૧૩૮૦૧૩ શૌચાલય વિહોણા કુટુંબોને શૌચાલય સુવિધામાં આવરી લેવામાં આવેલ છે.આ ઉપરાંત ૮૩૧૬ કુટંબોને તેમજ ૯૨૦૦ કુટુંબોને મનરેગાના માધ્યમથી શૌચાલયની સુવિધાથી આવરી લેવામાં આવેલ છે.

ગ્રામિણક્ષેત્રમાં જન સમુદાય શૌચાલય બનાવવા માટે તેમજ ઉપયોગ કરવા મન બનાવવું ખુબજ કઠીન છે.આ માટે મન બનાવવા વિવિધ સ્તરે ૫૯૭ વ્યક્તિઓને તાલીમ આપવામાં આવી છે.મહેસાણા જિલ્લાને ઓ.ડી.એફ બનાવવા તાલીમ પ્રભાતફેરી ગૌરવયાત્રા નિગરાની સમિતિ સહિત વિવિધ પ્રયાસોને કારણે ૦૨ ઓકટોબર ૨૦૧૬ના રોજ પોરબંદરથી જિલ્લાને ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત જાહેર કરવામાં આવેલ છે.

## ખેડબ્રહ્માની જે.ડી. પટેલ હાઈસ્કૂલમાં વિવિધ કાર્યક્રમ યોજાયો

ખેડબ્રહ્મા ખાતે નિકેતન કેળવણી ટ્રસ્ટ સંચાલીત જે.ડી. પટેલ હાઈસ્કૂલ ખાતે તેજસ્વી તારલાઓને



પુરસ્કાર ધો. ૧૦-૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ તથા વાલી સંમેલને શાળા સંકુલમાં શનિવારના રોજ યોજાયુ હતુ. આ પ્રસંગે ખેડબ્રહ્મા ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલ, સાગરણભાઈ પટેલ, નરેશભાઈ પટેલ, બ્રહ્માકુમારી જ્યોતિબેન, વિનોદભાઈ એફ. પટેલ મુખ્ય મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. જેમણે તેજસ્વી તારલાઓને પ્રોત્સાહીત કરી ઈનામ વિતરણ કર્યા હતા. વિદાય લઈ રહેલ ધો. ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી ઉત્તમ પરિણામ માટે જહેમત કરવા જણાવ્યુ હતુ. આ પ્રસંગે શાળા પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ, મંત્રી દોલજીભાઈ પટેલ તથા શાળા પ્રિન્સિપાલ કિરીટસિંહ ચૌહાણ સહિત શાળા પરિવાર અને વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# તલોદના કાર્યપાલક ઈજનેર ગઠિયાની જાળમાં ફસાતા ૫૦ હજાર ગુમાવ્યા

તલોદ, તા. ૪

ઉત્તર ગુજરાત વીજ કંપનીમાં નોકરી કરતા કાર્યપાલક ઈજનેરને મોબાઈલ કરી વાતોમાં ફસાવી તેમના એટીએમ કાર્ડનો નંબર જાણી લેનાર ગઠિયાએ ગણતરીની મીનીટોમાં જ તેમના ખાતામાંથી ૫૦ હજારની રોકડ ઉઠાવી લીધી હતી. આ અંગે તલોદ પોલીસમથકે ફરિયાદ નોંધવામાં આવી છે.

તલોદ ખાતેની ઉ.ગુ.વિજ કંપનીમાં કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા યુસુફભાઈ ઈમામભાઈ શેખ (રહે. અમદાવાદ) તલોદની સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયામાં ખાતુ ધરાવે છે. જેમાં તેમનો પગાર જમા થાય છે. આજે બપોરે ૧૨.૨૬ કલાકના સુમારે મોબાઈલ નંબર ૮૮૭૭૧૧૩૦૭૫ ઉપરથી કોઈક અજાણ્યા ઈસમે શેખને ફોન કરી પોતે એસ.બી.આઈ.ની મેઈન બ્રાન્ચમાંથી બોલતો હોવાની મેનેજર તરીકેની ઓળખ આપીને 'તમારૂ એટીએમ કાર્ડ બ્લોક થઈ ગયેલ છે. તો તેના વેરિફિકેશન માટે તમારા કાર્ડની માહિતી આપો' તેમ કહીને ગઠિયા ઈસમે એટીએમ કાર્ડના શરૂઆતના દશેક નંબર બોલી કાર્યપાલક શેખને બોલવા કહેતા તેઓએ પોતાના કાર્ડના નંબર આપેલ.

ગઠીયા ઈસમે ફરી ૧૨.૩૯ કલાકે ફરી ફોન કરી જણાવેલ કે 'તમારા ફોન પર હાલ જે ઓ.ટી.પી. નંબરનો મેસેજ આવેલ છે તે નંબર આપો. હું એટીએમ ચાલુ કરી દઈશ.' જેથી વિજ કંપનીના ઉચ્ચ અધિકારી એવા વાય.આઈ. શેખે આવેલ ઓ.ટી.પી. નંબર પણ જણાવી દીધો હતો. ચાર વખત ગઠિયા ઈસમે વાત કરીને આટલા મોટા હોદ્દા ઉપર રહેલા એક્ઝીક્યુટીવ ઓફિસર સાથે ઠગાઈ અને ચાલબાજી કરવામાં ભારે સફળતા હાસલ કરીને એક વખત રૂ. ૨૦ હજાર અને ૩ વખત રૂ. ૧૦-૧૦ હજાર એમ કુલ રૂ. ૫૦ હજાર ઉપાડી લઈને પોતાનો મોબાઈલ બંધ કરી દીધો હતો.

બાદ એસબીઆઈની બેન્ક શાખામાં શેખ દોડી પહોંચ્યા હતા અને એટીએમ બ્લોક કરાવી દઈ થયેલ ટ્રાન્ઝેક્શનની નકલ મેળવીને પોલીસ સમક્ષ રજૂ કરી હતી.

આમ ભારે ચાલબાજ ગઠિયા ઈસમે ભણેલા ગણેલા ઉચ્ચ અધિકારીઓને પણ વિશ્વાસમાં લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી સાયબર ક્રાઈમ આચર્યો છે.

# ખેડબ્રહ્માના ગઢડા-શામળાજીમાં પાણીની પાઈપ માટે માર મારતા ફરીયાદ

ખેડબ્રહ્મા, તા. ૪

ખેડબ્રહ્મા તાલુકાના ગઢડાશામળાજી ગામમાં એક ખેતરમાંથી બીજા ખેતરમાં રબરની પાણીની પાઈપ લાઈનથી પાણી વાળતા ખેડૂતને પાડોશી ખેડૂત દ્વારા માર મારતા ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાઈ હતી.

ગઢડાશામળાજી ગામે ગત બુધવારના રોજ જગદીશભાઈ ધનાભાઈ ચેનવા ગોઈજાવાળા ખેતરમાં પાણી વાળતા હતા, ત્યારે સાંજના સમયે ગામના જ રબારી માલાભાઈ મહાદેવભાઈ જગદીશભાઈ પાસે આવી કહેવા લાગેલા કે તુ મારા ખેતરમાંથી રબરનો પાઈપ કેમ લાંબો કરે છે. તેથી જગદીશભાઈએ જણાવેલ કે તમે કહેતા હોય તો હું પાઈપ લઈ લઉં છુ. તેથી માલાભાઈ એકદમ ઉશ્કેરાઈ જઈ અને બોલાચાલી કરી તેના ઘરે જતો રહેલ અને જગદીશભાઈ પાઈપ વાળવા લાગેલા ત્યારે માલાભાઈ ગામમાંથી તેમની સાથે રબારી રમેશભાઈ જીવરાજભાઈ અને રબારી ભરતભાઈ જીવરાજભાઈ તથા રબારી ખોડાભાઈ માલાભાઈનાઓ લઈને આવીને ઉશ્કેરાઈ જઈ જગદીશભાઈ પાસે આવી અને જણાવવા લાગેલ કે તે હજી પાઈપ કેમ વાળેલ નથી તેમ કહી મા-બેન સામી બિભત્સ ગાળો બોલી રબારી ખોડાભાઈએ તેના હાથમાંની લાકડીથી જગદીશભાઈને માથાના ભાગે ઈજા પહોંચાડી તેમજ બીજાઓએ શરીરે ગડદાપાટુ મારતા જગદીશભાઈએ બુમાબુમ કરતા તેમની પત્નિ સૂર્યાબેન અને ભાઈ રામભાઈ તથા ભાંભી જયંતિભાઈ દલાભાઈ આવી જતા જગદીશભાઈને છોડાવેલ અને જતા જતા તેમણે જગદીશભાઈને સાલા ઢેઢા હવે જો ખેતરમાંથી પાઈપ લાંબી કરીશ તો તને જાનથી મારી નાખીશુ અને જીવતાં રહેવા દઈશુ નહી. તેવી ધમકીઓ આપી જાતિ પ્રત્ય અપમાનીત થાય તેવા શબ્દો બોલી જતા રહેલા. મારામારીમાં જગદીશભાઈ અને સૂર્યાબેનને ઈજાઓ પહોંચેલ હોઈ તેમને તાત્કાલિક સારવાર અર્થે ૧૦૮ મારફતે ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ. જગદીશભાઈને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી અને જાતિ વિષયક શબ્દો બોલી ધમકી આપતા જગદીશભાઈએ રબારી માલાભાઈ મહાદેવભાઈ, રબારી રમેશભાઈ જીવરાજભાઈ, રબારી ભરતભાઈ જીવરાજભાઈ તથા રબારી ખોડાભાઈ માલાભાઈ વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવતા પોલીસે ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪, જીપીએક્ટ ૧૩૫ તથા એટ્રોસીટીની કલમ ૩,૨,૫ અન્વયે ફરીયાદ નોંધી તપાસ હાથ ધરી હતી.



ટોબેકો કંટ્રોલ સેલ સાબરકાંઠા, પોલીસ વિભાગ અને ફૂડ અને ડ્રગ વિભાગ ની સંયુકત કવાયત અંતર્ગત તા ૩-માર્ચના રોજ હિંમતનગર શહેરમાં શાળાઓની નજીકમાં તમાકુ અને તેના ઉત્પાદનોનાં વેચાણ સંદર્ભે વિશેષ કાર્યવાહી કરવામાં આવી. આ વિશેષ સ્કવોડ દ્વારા તમાકુ ઉત્પાદન એક્ટ -૨૦૦૩ અંતર્ગત પોલીસ વિભાગ દ્વારા ૨૦૦૦ રૂપિયાની તથા ટોબેકો કંટ્રોલ સેલ અને ફૂડ અને ડ્રગ વિભાગ દ્વારા ૩૬ વ્યક્તિઓને દંડ કરી ૭૨૦૦ રૂપિયાની મળી કુલ ૯૨૦૦ રૂપિયાની દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી. આ કામગીરીમાં ટોબેકો કંટ્રોલ સેલના ડો. અરૂણસિંહ ભાટી, ફૂડ અને ડ્રગનાં મોનિકા પટેલ અને પોલીસ વિભાગમાંથી અ.એસ.આઈ. જોષીયારા અને દલજીત સિંહ ઉપસ્થિત રહેલ.

## પાલનપુરમાં વિશ્વ મહિલા દિને વિશિષ્ઠ મહિલા અને સેલ્ફી વીથ ડોટરનું ભવ્ય સન્માન સમારોહ યોજાશે

પાલનપુર, તા. ૪

આગામી ૮ માર્ચના વિશ્વ મહિલા દિવસે ત્રિવેણી કાર્યક્રમ જીલ્લા મુખ્યાલય પાલનપુર ખાતે કાનુભાઈ મહેતા હોલ ખાતે બપોરે ૨ વાગ્યે યોજાશે જેમાં વિદ્યામંદિર ટ્રસ્ટ પાલનપુર અને બીકે ન્યુઝ ચેનલ, બનાસકાંઠા તેમજ મહિલા કલા નિધિ ટ્રસ્ટ, કાણોદરના સયુંકત ઉપક્રમે યોજાનાર કાર્યક્રમમાં બનાસકાંઠા જીલ્લાની વિશિષ્ઠ સિદ્ધી પ્રાપ્ત કરનાર મહિલાઓનો સન્માન કાર્યક્રમ તેમજ મહિલા થીમ સોંગ પ્રસ્તુત કરવામાં આવનારા છે તેમજ જેમને જીલ્લામાં જે માતા પિતાને સંતાનમાં માત્ર દીકરી જ છે અને દીકરીને હાઈસ્કૂલ અથવા તો તેથી વધુ અભ્યાસ કરાવે છે એમનું સન્માન અને તેમની સેલ્ફીનું પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત વિદ્યામંદિર નિર્મિત તથા રતીલાલા ચૌહાણ લિખિત – દિગ્દર્શિત નાટક સેલ્ફી વિથ ડોટર રજુ કરવામાં આવશે.

# નાઈપર-અમદાવાદનો ચોથો પદવીદાન સમારંભ યોજાયો

### ગાંધીનગર સંકુલમાં નવી સુવિધાઓનું ઉદ્‌ઘાટન : મનસુખ માંડવીયા અને ભારત સરકારના સંયુક્ત સચિવ રજનિશ ટીંગલ હાજર રહ્યા





ગાંધીનગર સ્થિત ટોચની ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન અને રિસર્ચ સંસ્થા નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ-અમદાવાદ (NIPER-A)ના ગાંધીનગર ખાતેના સંકુલમાં આજે નવી માળખાગત સુવિધાઓ ખુલ્લી મુકવા સાથે ચોથો પદવીદાન સમારંભ પણ યોજાયો હતો.

આ સંસ્થામાં જે નવી સુવિધાઓનો ઉમેરો કરાયો છે તેમાં શિક્ષણની બહેતર વ્યવસ્થા માટે વિશ્વસ્તરનો એકેડેમિક એરિયા, નવા સંકુલમાં ટીચીંગ અને નોન-ટીચીંગ સ્ટાફ માટે વહિવટી વિભાગ, અદ્યતન સભાગૃહ તથા નવા એનિમલ હાઉસ અને કેન્ટીનનો સમાવેશ થાય છે.

આ પદવીદાન સમારંભમાં આશરે ૩૨ વિદ્યાર્થીઓને એમ.એસ, (ફાર્મા)ની ડીગ્રી તથા બે સ્નાતકોને ડોકટરલ ડીગ્રી એનાયત કરવામાં આવી હતી. માંડવીયાએ વિદ્યાર્થીઓને તેમની કામગીરીમાં ઉત્કૃષ્ટતા દાખવવા અને આગળ ધપવા અનુરોધ કર્યો હતો.

કેન્દ્ર સરકારના કેમિકલ્સ અને ફર્ટિલાઈઝર્સ વિભાગના રાજ્યકક્ષાના પ્રધાન મનસુખ લાલ માંડવીયા સમારંભમાં વિશેષ અતિથી તરીકે હાજર રહ્યા હતા અને તેમણે સંસ્થાને ફાર્માસ્યુટિકલ રિસર્ચ, શિક્ષણ અને વિકાસનાં નવાં સિમાચિન્હો હાંસલ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. ભારત સરકારના સંયુક્ત સચિવ રજનિશ ટીંગલે પણ સમારંભમાં હાજરી આપી હતી. જે અન્ય મહાનુભવો સમારંભમાં ઉપસ્થિત રહ્યા હતા તેમાં મુખ્ય મહેમાન તરીકે એઈમ્સ દિલ્હીના હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ (ફાર્માકોલોજી) પ્રો. વાય કે. ગુપ્તા, વી.એન. ન્યુરો કેર સેન્ટર, મદુરાઈના ડો. વી. નાગરાજન, નાઈપર મોહાલીના સ્થાપક ડિરેકટર પ્રો. સી.એલ. કૌલ, અનુક્રમે નાઈપર કોલકતા અને મોહાલીના ડિરેકટર ડો. રવિચંદિરન વી. તથા ડો. યુ.એસ.એન.મૂર્તિનો સમાવેશ થાય છે.

# મ્યુઝિક બ્રોડકાસ્ટ લિમિટેડ-પબ્લિક ઓફર ૬ માર્ચ, ૨૦૧૭ના રોજ ખુલશે અને ૮ માર્ચના રોજ બંધ થશે

મ્યુઝિક બ્રોડકાસ્ટ લિમિટેડ (''કંપની'' કે ''ઈશ્યૂઅર'')એ સોમવારે ૬ માર્ચ, ૨૦૧૭ના રોજ રૂ. ૪,૦૦૦ મિલિયન (''નવા ઈશ્યૂ'') સુધીના નવા ઈશ્યૂને સમાવતા પ્રીમિયમ (''ઓફર'') પર રોકડ માટે રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેર (''ઈક્વિટી શેર'')નો આઈપીઓ (ઈનિશિયલ પબ્લિક ઓફર) રજૂ કરવાની અને વિક્રેતા શેરધારકો દ્વારા ૨,૬૫૮,૫૧૮ ઈક્વિટી શેરના વેચાણ માટે ઓફર (''ઓફર ફોર સેલ'') રજૂ કરવાની યોજના બનાવી છે. આ ઓફર ૮ માર્ચ, ૨૦૧૭ને મંગળવારે બંધ થશે. ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૩૨૪થી રૂ. ૩૩૩ નક્કી કરવામાં આવી છે. બુક રનિંગ લીડ મેનેજર સાથે ચર્ચા કરીને કંપની સીક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (મૂડી અને પ્રકટીકરણની જરૂરિયાતો ઈશ્યૂ કરીને) નિયમન, ૨૦૦૯, સંશોધન મુજબ (''આઈસીડીઆર નિયમન'') એન્કર રોકાણકારોની સહભાગિતાનો વિચાર કરી શકે છે. એન્કર રોકાણકારો ઓફર ખુલવાની તારીખ એટલે કે ૩ માર્ચ, ૨૦૧૭ને શુક્રવારના એક કાર્યકારી દિવસ અગાઉ બિડ કરી શકશે. બિડ લઘુતમ ૪૫ ઈક્વિટી શેર અને પછી ૪૫ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે.

# સ્પેસ ટુરિઝમ થકી ભારતને ૬૦૦ કરોડની આવક

### ગણપત યુનિવર્સિટી ખાતે સાયન્સ-ડેની ઉજવણીમાં ઈસરોના વૈજ્ઞાનિક ડો. એ.એસ. આર્યા ઉપસ્થિત રહ્યા

ગણપત વિદ્યાનગર, તા. ૪

અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે એક સાથે ૧૦૪ સેટેલાઈટ લોંચ કરીને ભારતે જે ઈતિહાસ રચ્યો છે તેનાથી જગત આખુ ચકાચોંધ થઈ ગયું છે. સ્પેસ સાયન્સના ક્ષેત્રે વર્ષો સુધી અવગણતા પામતા રહેલા ભારતને દુનિયા હવે ગંભીરતાથી જુએ છે. એટલું જ નહીં તમને આશ્ચર્ય થશે પરંતુ આજે પોતાના સેટેલાઈટ ભારત દ્વારા લોંચ કરાવવા માટે દુનિયાના અનેક દેશોની લાઈન લાગેલી છે, અને ભારત પોતાના અંતરિક્ષ કોર્પોરેશન દ્વારા આવા સેટેલાઈટ લોંચના બિઝનેસ દ્વારા ૫૦૦થી ૬૦૦ કરોડ રૂપિયાનો માતબર ધંધો પણ કરે છે. આ શબ્દો હતા અમદાવાદ ખાતેના ઈસરોમાં એક સીનિયર સાયન્ટિસ્ટ તરીકે ફરજ બજાવતા ડૉ. એ.એસ. આર્યાના જેઓ ગણપત યુનિવર્સિટી ખાતે સાયન્સ ડેની ઉજવણીમાં ઉપસ્થિત રહ્યા હતા.

ગણપત યુનિવર્સિટીની એન્જિનિયરિંગ, મેનેજમેન્ટ, સાયન્સ, ફાર્મસી, કોમ્પ્યુટર સાયન્સ, આર્ટ અને આર્કિટેક્ચર સહિત તમામ વિદ્યાશાખાના મળીને કુલ ૨૬૩ જેટલા વિદ્યાર્થીઓએ વિવિધ પ્રકારની સાયન્સ-કોમ્પિટિશન્સમાં ભાગ લીધો હતો. આ સ્પર્ધાઓમાં સાયન્સના વર્કિંગ મોડેલ પ્રેઝન્ટેશન નોન-વર્કિંગ મોડેલ પ્રેઝન્ટેશન, પોસ્ટર ક્રિએશન્સ, સ્લોગન રાઈટિંગ કોમ્પિટિશન ઉપરાંત મેથેમેટિકલ મોડેલ એક્ઝિબિશન જેવાં આયોજનો દ્વારા ગણપત યુનિવર્સિટીએ વિજ્ઞાન દિવસની ભારે ઉત્સાહપૂર્ણ રીતે



ઉજવણી કરી હતી. દિવ્યાંગ વ્યક્તિઓ માટે સાયન્સ અને ટેકનોલોજીના વિનિયોગને આ વર્ષની ઉજવણીમાં કેન્દ્રવર્તી વિચાર તરીકે રાખવામાં આવ્યો હતો. ચમત્કાર અને અંધશ્રદ્ધા વિરૂદ્ધની એક નાટિકા પણ વિદ્યાર્થીઓએ રજુ કરી હતી.

સમગ્ર કાર્યક્રમમાં યુનિવર્સિટીના સ્થાપક પ્રમુખ અનિલભાઈ પટેલ, ડાયરેક્ટર જનરલ ડૉ. મહેન્દ્ર શર્મા, રજિસ્ટ્રાર અમિતભાઈ પટેલ, સાયન્સ ફેકલ્ટી ડિન ડૉ. રાકેશ પટેલ અને પ્રિ. અમિતભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.